

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત કાઉન્સિલ ઓફ સ્કૂલ એજયુકેશન
સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રીની કચેરી,
સમગ્ર શિક્ષા, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન નં. ૦૭૯–૨૩૨ ૩૪૯૩૯
email : ssamstatett@gmail.com

પત્રકમાંક : એસએસએ/P&Mo/૩/૨૦૨૦/૫૯૩૫-૫૯૫૯ તા. ૩૦/૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા : તમામ.

પ્રતિ,
જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા : તમામ.
શાસનાધિકારીશ્રી : અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા.

વિષય : 'પુસ્તક વાચક સ્પર્ધા' અંતર્ગત તા.૦૧/૨/૨૦૨૦ના રોજ યોજનાર ટેલિકોન્ફરન્સ બાબત.
સંદર્ભ : માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, શિક્ષણ વિભાગની નોંધ પર મળેલ મંજૂરી

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી / ગ્રાન્ટેડ / આર.એમ.એસ.એ. / મોડેલ / મોડેલ ડે માધ્યમિક (ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક (ધો.૧૧) શાળાઓના વિદ્યાર્થીઓ માટે જે–તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી **'પુસ્તક વાચક સ્પર્ધા'** યોજવા, તેમજ તે અંતર્ગત તા.૧/૨/૨૦૨૦ થી તા.૭/૨/૨૦૨૦ સુધી 'પુસ્તક વાચન સપ્તાહ' ઉજવવાનું નિયત કરવામાં આવેલ છે.

ઉપરોકત દર્શાવ્યા મુજબ નિયત થયેલ જે–તે ધોરણના વર્ગથી રાજય કક્ષા સુધી **'પુસ્તક વાચક સ્પર્ધા'** યોજવા માટે સંલગ્ન તમામને માર્ગદર્શન માટે તા.૦૧/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયોના સહયોગથી ટેલિકોન્ફરન્સના માધ્યમથી જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે. આ ઉપરાંત આ ટેલિકોન્ફરન્સ દરમિયાન ફીટ ઈન્ડીયા, એક ભારત–શ્રેષ્ઠ ભારત, પર્યાવરણ પ્રયોગશાળા, ગુજરાત પોષણ અભિયાન ૨૦૨૦–૨૨ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવનાર છે.

તા.૦૧/૨/૨૦૨૦ના રોજ યોજાનાર ટેલિકોન્ફરન્સમાં માન.શિક્ષણમંત્રીશ્રી, માન.શિક્ષણસચિવશ્રી તેમજ માન.સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી સંલગ્ન તમામને પ્રેરણાત્મક માર્ગદર્શન આપનાર છે.

ઉપરોકત બાબતોને ધ્યાને લઈ આપના તાબા હેઠળની તમામ સરકારી ઉચ્ચ પ્રાથમિક(ધો.૬–૮) શાળાઓ તેમજ સરકારી/ગ્રાન્ટેડ/આર.એમ.એસ.એ./મોડેલ/મોડેલ ડે માધ્યમિક(ધો.૯) અને ઉચ્ચતર માધ્યમિક(ધો.૧૧) શાળાઓના સંલગ્ન તમામ શિક્ષકો, મુખ્ય શિક્ષકો, સીઆરસી કો.ઓ., બીઆરસી કો.ઓ. અને સબંધિત કર્મચારીશ્રીઓને તા.૦૧/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ કલાક દરમિયાન બાયસેગ સ્ટુડીયોના સહયોગથી યોજાનાર ટેલિકોન્ફરન્સમાં અચૂક ઉપસ્થિત રહી પ્રેરણા અને માર્ગદર્શન મેળવવા માટેની જરૂરી સુચના આપવા જણાવવામાં આવે છે.

Trivedi P.K

સચિવ અને ઓઆઈસી પી એન્ડ એમ(ટીટી)
એસપીઓ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

નકલ સવિનય રવાના :
– માન.સચિવશ્રી, પ્રા.શિ. અને મા.શિ., શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નકલ સવિનય રવાના :
– માન.એસપીડીશ્રી, સદર કચેરી.
– માન.એએસપીડીશ્રી, સદર કચેરી.
– માન.નિયામકશ્રી–પ્રાથમિક શિક્ષણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
– માન.નિયામકશ્રી–જી.સી.ઈ.આર.ટી., સેકટર–૧૨, ગાંધીનગર.